# બલીઠામાં ૫૦ MLDનો STP બનશે

**વાપીમાં** આઠ વિસ્તારમાં પાણીની પાઇપલાઇન અને છીરી-છરવાડામાં ભૂગર્ભ ગટર નેટવર્કને વિકસાવવામાં આવશે

**સ્થાયી** સમિતિની બેઠકમાં રૂ.૨૧૩.૬૦ કરોડના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાનાં ૧૦ કામને મંજૂરી અપાઈ

વાપી: વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક શુક્રવારે બેઠક મળી હતી. બેઠકમાં પાણી પુરવઠા અને ડ્રેનેજ વિભાગના વિવિધ વિકાસકામોના આવેલ ટેન્ડરોને મંજૂરી આપવામાં આવી હતી. શહેરની માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા વિભાગનાં કુલ રૂ.૨૧૩.૬૦ કરોડનાં ૧૦ મહત્ત્વપૂર્ણ વિકાસકામોને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મંજૂરી આપવામાં આવી હતી. મંજૂર થયેલાં કામોમાં બલીઠા ખાતે ૫૦ MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ, વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠાની પાઈપલાઈનનું નેટવર્ક વિકસાવવું તેમજ છીરી અને છરવાડા વિસ્તારમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઊભી કરવાનો સમાવેશ કર્યો છે. સ્થાયી સમિતિના અધ્યક્ષ સતિષભાઈ પટેલની અધ્યક્ષતામાં આ બેઠક મળી હતી.

વાપીના જુદા જુદા વિસ્તારમાં કુલ ૧૬૫.૭૭૫ કિ.મી.નું પાણી પુરવઠા નેટવર્ક વિકસાવવામાં આવશે.આ ઉપરાંત છીરી અને છરવાડા વિસ્તારમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા માટે કુલ ૪૪.૫૩ કિ.મી. લંબાઈની પાઈપલાઈન નાખવાનું આયોજન કરવામાં આવ્યું છે.

બેઠકમાં વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સી.એમ. મોડર્ન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ બનાવવા બાબતે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યત્વે વાપી વિસ્તાર,ચલા વિસ્તાર, સુલપડ ફળિયા, છીરી તથા ચણોદ વિસ્તારમાં સ્ટ્રીટ વેન્ડરો માટે યોગ્ય જગ્યા અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી તેઓ પોતાનો વ્યવસાય સુવ્યવસ્થિત રીતે કરી શકે તે હેતુસર જરૂરી વ્યવસ્થા ઊભી કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ હેતુસર જરૂરી દરખાસ્ત સરકારમાં રજૂ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. સમિતિમાં સરકારના સૂચન મુજબ આગામી ૧૦ વર્ષને ધ્યાનમાં રાખીને આગોતરું આયોજન કરવા અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં વાપી મહાનગરપાલિકાના કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા કિરણસિંહ રાણા તેમજ તમામ વિભાગીય અધિકારીઓ હાજર રહ્યા હતા.

### વાપીમાં પાણીની પાઇપનું નેટવર્ક તૈયાર થશે

બલીઠામાં ૩૧.૨૬૭ કિ.મી.
ચણોદમાં ૯.૪૬૨ કિ.મી.
મોરાઈમાં ૫.૭૧૩ કિ.મી.
કુંતામાં ૧૦.૭૮૮ કિ.મી.
વટારમાં ૧૬.૬૮૫ કિ.મી.
કરવડમાં ૩૨.૬૧૫ કિ.મી.
નામધામાં ૧૯.૦૨૩ કિ.મી.
સલવાવમાં ૪૦.૨૨૨ કિ.મી.

### 30 વર્ષની જરૂરિયાતને ધ્યાનમાં રાખી પાણી પુરવઠાનું નેટવર્ક બનશે

પાણી પુરવઠાનું આ નેટવર્ક આગામી 30 વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યું છે. તેનો મુખ્ય હેતુ આવરી લેવાયેલા વિસ્તારોના નાગરિકોને પૂરતી માત્રામાં, યોગ્ય દબાણે અને સમયસર સ્વચ્છ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાનો છે. ભવિષ્યમાં નેટવર્કના સેવા વિસ્તારમાં વિકસતાં નવા રહેણાંક વિસ્તારોને પણ જરૂરી પાઇપલાઇન વિસ્તરણ અને જોડાણ દ્વારા પાણી પુરવઠો મળી રહે તે બાબતને આયોજનમાં ધ્યાનમાં લેવામાં આવી છે.પ્રોજેક્ટમાં સ્કાડા (SCADA) સિસ્ટમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેના માધ્યમથી પાણીના દબાણ સહિતનાં વિવિધ પરિમાણોનું સતત નિરીક્ષણ કરી શકાશે. પાણી પુરવઠા વ્યવસ્થાની દેખરેખ અને સુરક્ષા માટે કેમેરાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

### દૈનિક ૫ કરોડ લિટર ગંદા પાણીના શુદ્ધીકરણની ક્ષમતા ધરાવતો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનશે

ગંદા પાણીના વૈજ્ઞાનિક શુદ્ધીકરણ માટે બલીઠા ખાતે દૈનિક ૫ કરોડ લિટર ગંદા પાણીના શુદ્ધીકરણની ક્ષમતા ધરાવતો ૫૦ MLDનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. આ પ્લાન્ટમાં બલીઠા, છીરી, છરવાડા, સલવાવ, મોરાઇ, કુંટા અને વટાર વિસ્તારોમાંથી એકત્ર થતા ઘરગથ્થુ ગંદા પાણીનું શુદ્ધીકરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# નવસારીમાં ગણેશ પ્રતિમાની ઊંચાઇ મુદ્દે 4 મંડળ-મૂર્તિકારો સામે ગુનો

**12 ફૂટની** મર્યાદા છતાં 16થી 23 ફૂટની પ્રતિમાઓ તૈયાર કરાઈ

નવસારી: જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગણેશ પ્રતિમાની મહત્તમ ઊંચાઈ 12 ફૂટ નક્કી કરવામાં આવી હોવા છતાં તેનો ભંગ કરી વિશાળ પ્રતિમાઓ તૈયાર કરાવી સ્થાપિત કરનાર ચાર ગણેશ મંડળોના આયોજકો તથા પ્રતિમા બનાવનારા મૂર્તિકારો સામે નવસારી ટાઉન પોલીસે ગુના નોંધ્યો છે.

મામલતદાર રીતેશભાઈ કોકણી અને સર્કલ ઓફિસર જીતેશભાઈ ચૌધરીની તપાસ દરમિયાન ચાર કિસ્સામાં નિયમભંગ સામે આવ્યો હતો. અંબિકા ચોકના સ્વસ્તિક યુવક મંડળે 12 ફૂટની મર્યાદા સામે સીધી 23 ફૂટ ઊંચી પ્રતિમા તૈયાર કરાવી હતી. મંડળના આયોજક ગોપાલભાઈ કરશનભાઈ ભરવાડે રોહિત મૂર્તિ આર્ટના સુરેશભાઈ પ્રભુભાઈ બોરડીયા પાસે આ પ્રતિમા બનાવડાવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. દાંડીવાડના સંગમ બાળ ગણેશ મંડળ દ્વારા 17 ફૂટ ઊંચી પ્રતિમા તૈયાર કરાવવામાં આવી હતી. આયોજક અનિકેતભાઈ કમલેશભાઈ પટેલે કાલિયાવાડીના આર.કે. મૂર્તિ આર્ટના સંજયભાઈ પટેલ પાસેથી પ્રતિમા તૈયાર કરાવી હતી. બીજી તરફ કડિયાવાડના રાજા પંડાલના આયોજક પીયુષભાઈ જેરામભાઈ પટેલે સિદ્ધિવિનાયક મૂર્તિ આર્ટના દીપકભાઈ નાગજીભાઈ હેલરીયા પાસેથી 16 ફૂટ ઊંચી પ્રતિમા બનાવડાવી હતી. કુંભારવાડના પ્રજાપતિ બાળ ગણેશ મંડળમાં પણ નિયમોની મર્યાદા ઓળંગવામાં આવી હતી. આયોજક કિરણભાઈ હેમંતભાઈ મિસ્ત્રીએ વિજલપોરના મૂર્તિકાર ગૌરાંગ મંગળ જાના પાસેથી 16 ફૂટ ઊંચી પ્રતિમા તૈયાર કરાવી હોવાનું બહાર આવ્યું હતું.

### વિસર્જન વ્યવસ્થાને પણ ફટકો

નવસારી પંથકમાં 500થી વધુ પ્રતિમાઓ 12 ફૂટથી ઊંચી હોવાના કારણે વિસર્જન દરમિયાન અલગથી વ્યવસ્થા કરવી પડે છે. વિશાળ પ્રતિમાઓને પાણીમાં ઉતારવા ખાસ ક્રેઈનની જરૂર પડતી હોવાથી વિસર્જન કામગીરી મોડી રાત સુધી ખેંચાય છે અને અન્ય પ્રતિમાઓના વિસર્જનમાં પણ વિલંબ થાય છે.

# મહિલાના મોતના અહેવાલ બાદ રેલવે અંડરપાસ ખુલ્લો કરાયો

**લાંબા** સમયથી બંધ અંડરપાસ સાફ કરવા તંત્ર દોડ્યું


કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરામાં રેલવે ટ્રેક ઓળંગતી વંકાલની જયાબેન મગનભાઈ પટેલ (ઉ.વ.૫૪)નું રાણકપુર એક્સપ્રેસની અડફેટે આવી જતાં મોત થયું હતું. બાદ દોઢ મહિનાથી બંધ રેલવે અંડરપાસનો મુદ્દો તંત્રની નજરે આવ્યો છે. બનાવ અંગેના અખબારી અહેવાલ બાદ બીલીમોરા નગરપાલિકાના આરોગ્ય ચેરમેન ધર્મેશભાઈ પટેલ દ્વારા તાત્કાલિક અંડરપાસની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જરૂરી સફાઈ કર્યા બાદ અંડરપાસને રાહદારીઓની અવરજવર માટે યોગ્ય બનાવી ખુલ્લો કરવામાં આવ્યો હતો. ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ બાદ ડેપો સામેનો રેલવે અંડરપાસ લાંબા સમયથી બંધ રહેતા પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર વચ્ચે અવરજવર માટે નાગરિકોને ઓવરબ્રિજનો લાંબો ચકરાવો કાપવો પડતો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### આહવામાં 250 રખડતાં ઢોરોને પકડી રંગઉપવન ખસેડાયાં

સાપુતારા: આહવા શહેરમાં રખડતાં ઢોરોના કારણે અકસ્માતના જોખમને ગંભીરતાથી ધ્યાનમાં લઈને આહવા ગ્રામ પંચાયત દ્વારા સરપંચ હરીરામ સાંવતના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતની ટીમે તાત્કાલિક નિર્ણય લઈને શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૨૫૦થી વધુ રખડતા ઢોરોને પકડી રંગ ઉપવન ગ્રાઉન્ડ ખાતે એકત્રિત કર્યા છે.

### વાપીના છીરીમાં રાહદારીનો મોબાઈલ આંચકી બાઈકર્સ ફરાર

વાપી: મૂળ બિહાર અને હાલ વાપી નજીકના રાતા, ગુલાબનગરમાં આવેલ ચાલીમાં રહેતા કન્હૈયા સુબોધ શાહ (ઉં.25) તા.25-8-26 ના રોજ રાત્રિએ પિતાને ટિફિન આપી ચાલતો પરત આવી રહ્યો હતો, ત્યારે છીરી રણછોડનગર, હનુમાન મંદિર સામે આવતા ફોન ઉપર વાતચીત કરતો હતો. તે સમયે પાછળથી એક બાઈક આવી હતી અને પાછળ બેસેલા ઈસમે 10 હજારની કિંમતનો મોબાઈલ ફોન આંચકી ભાગી છૂટયા હતાં.

### બીલીમોરામાં પરિણીતાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

બીલીમોરા: બીલીમોરા નજીક તલોધ રોડ ઉપર આવેલા માદલ ફળિયામાં રહેતી ૪૦ વર્ષની પરિણીતા અમિતાબેન પરેશભાઈ ચંદેએ પોતાના ઘરે છતના લાકડાના મોભ સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. અમિતાબેનના પતિ મચ્છીમારી કરવા દરિયામાં ગયા હતા. પુત્ર ઘરે આવ્યો ત્યારે ઘરનો દરવાજો બંધ હતો. લોકોએ આવી દરવાજો તોડી જોતા અમિતાબેન લટકેલી હાલતમાં મળી આવ્યા હતા. આપઘાતના કારણો જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

### બીલીમોરામાં ટ્રેન અડફેટે બેનાં મોત

બીલીમોરા: અમલસાડ નજીક ભાઠા વાંગરી ફળિયા પાસેથી પસાર થતી ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર ટ્રેનનીઅપ લાઈનમાં ટ્રેનને ટક્કરે ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનનું મોત નીપજ્યું હતું જ્યારે બીલીમોરા નજીકના ડુંગરી રેલવે સ્ટેશનની ઉત્તરે ડાઉનલાઇનના બંધ એલસીગેટ નં ૧૦૩ ની બાજુમાંથી પસાર થતી ઈન્દોર એક્સપ્રેસ ટ્રેનની ટક્કર લાગતા એક ૭૦ વર્ષના અજાણ્યાયા વૃદ્ધનું મોત નીપજ્યું હતું.

### મોરાઈ રેલવે લાઇન પર યુવકનું ટ્રેન અડફેટે મોત

વાપી: વિતેલા બુધવારે વાપી ઉદવાડા રેલવે લાઈન, મોરાઈ ફાટકથી કોલક નદી તરફ જતાં બ્રિજ પહેલાં પસાર થતી ટ્રેન અડફેટે અજાણ્યા યુવકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. મરણ જનાર યુવકની ઉં.આ.30 છે અને તેની કોઈ ઓળખ થઈ શકી નથી.

### કડોલી પાસે માલગાડીની અડફેટે શ્રમિકનું મોત

નવસારી: કડોલી ગામના વચલા ફળિયામાં રહેતા રાજુભાઈ ઉર્ફે કાલુ ઈશ્વરભાઈ રાઠોડ સવારના સમયે પશુઓ માટે ઘાસચારો કાપવા ઘરેથી નીકળ્યા હતા. દરમિયાન મુંબઈથી સુરત તરફ જતી ડાઉન લાઇન પરથી નાસિક BCN માલગાડી પસાર થઈ રહી હતી. આ સમયે રાજુભાઈ ટ્રેક ઓળંગી રહ્યા હતા ત્યારે અચાનક માલગાડીની ઝપેટમાં આવી ગયા હતા. ટ્રેનની જોરદાર ટક્કરથી તેમને ગંભીર ઇજાઓ પહોંચતાં ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું. અકસ્માતમાં શરીરના કમરના ભાગેથી બે ટુકડા થઈ ગયા હતા.

# સુરતમાં હાઈકોર્ટની નવી બેન્ચ શરૂ કરો, નહીં તો આંદોલન

**રાજ્યના** અને દક્ષિણ ગુજરાતના વકીલો સાથે મળી આંદોલન કરશે તેવી ચીમકી


અમૃત પટેલ

પારડી: દક્ષિણ ગુજરાતમાંથી ચૂંટાયેલા બાર કાઉન્સિલ ગુજરાતના સભ્યો તથા દક્ષિણ ગુજરાતના તમામ વકીલ મંડળના પ્રમુખો અને સેક્રેટરીઓની સભામાં સુરત હાઈકોર્ટ બેચની સ્થાપના કરવામાં આવે અને કોર્ટ ચાલુ કરવામાં આવે તેવી માંગણી થયા બાદ આજરોજ પારડી વકીલ મંડળના સભ્યોની મીટિંગમાં ઠરાવ કરવામાં આવ્યો હતો. જે ઠરાવમાં સુરત ખાતે હાઈકોર્ટની બેચ આપવા માટેની માંગણી યથાવત રાખી રજૂઆત કરવામાં આવી છે અને જો હાઈકોર્ટની બેચ સુરતમાં સ્થાપિત કરવામાં નહીં આવે તો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

અમદાવાદ હાઈકોર્ટ સુધી આંટાફેરા મારવા પડે છે અને તેના કારણે તમામ પક્ષકારો કે વ્યક્તિઓને સમય ખર્ચ, માનવ શક્તિ તથા સરકારી સંસાધનોનો ઘણો વ્યય થાય છે જેના કારણે અમદાવાદ સુધી ન્યાય મેળવવા પોસાય તેમ નથી. સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની બેચ શરૂ થયા તો તમામને લાભ થશે.

### આહવા-ડાંગ બાર એસોસિએશન પણ મેદાનમાં

સાપુતારા: આહવા-ડાંગ બાર એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે, સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ સ્થાપવામાં આવે તો ડાંગ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના નાગરિકો માટે ન્યાય મેળવવાની પ્રક્રિયા અત્યંત સુગમ, ઝડપી અને ઓછી ખર્ચાળ બનશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના દક્ષિણ ગુજરાતમાંથી ચૂંટાયેલા ૮ સભ્યોમાં હિતેશ પટેલ, ભાવેશ રબારી, હરેશ નાકરાણી, પ્રીતિ જોશી, હિરલ પાનવાલા, ઝકી શેખ, વંદના ભટ્ટ અને પ્રવીણ પટેલના સંકલનથી દ. ગુજરાતના વિવિધ બાર એસો.નોને એક તાંતણે બાંધવા 'Get Together' બેઠક યોજવામાં આવી હતી. અભિયાનમાં દ.ગુ.ના ૪૦થી વધુ બાર એસોસિએશનો જોડાયા છે.

# ચીખલીના કુકેરી ગામે વીજલાઈનના વિસ્તૃતિકરણથી ખુદ ખેડૂતો જ અજાણ!

ઘેજ: ચાખલીના કુકેરી ગામના ખેડૂતોએ જિલ્લા કલેક્ટરને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે ગામના ખેડૂતોના ખેતરોમાંથી અંભેટાથી વાંસદા જતી જેટકોની વીજલાઈનનું જેટકો દ્વારા વિસ્તૃતિકરણ અને નવીનીકરણ કરવાના હોય જેના કારણે ખેડૂતોની ખેતીવાડી અને પાકને, જમીનને અનેક રીતે અસર વર્તાવાની હોય ત્યારે જેટકો દ્વારા આજદિન સુધી મોટેભાગના ખેડૂતોને જેટકો દ્વારા જાણકારી આપવામાં આવી નથી. ખેડૂત આગેવાન દ્વારા જેટકોના નાયબ ઈજનેર વિરલ પ્રજાપતિનો ટેલિફોનિક સંપર્ક કરાતા ૨૩/૦૩/૨૬ થી તમામ ખેડૂતોની નોટિસ બજાવી જાણ કરવામાં આવી છે અને એજન્સીને કામ પણ સોંપેલું હોવા છતાં કોઈ જાણકારી ન મળતા જ્યારે જેટકોના માણસો કામ અર્થે આવશે ત્યારે ખેતરમાં પ્રવેશતા વાદ વિવાદ સર્જાય તેવી સ્થિતિ છે. બિન જવાબદાર વહીવટના કારણે ખેડૂતો સાથે સંઘર્ષ થાય તેવી સ્થિતિનું જેટકો જાણી જોઈને જ નિર્માણ કરી રહી છે. ત્યારે જેટકો દ્વારા ખેડૂતોને સચોટ જાણકારી આપવામાં આવે તે જરૂરી છે.

# પૂરગ્રસ્તોની સહાય અટકી, રજૂઆત બાદ તંત્રની 'ઊંઘ' ઊડી!

**વોર્ડ નં.13ના** 76 લાભાર્થીની સહાયમાં ત્રુટીઓનો ખેલ

નવસારી: પૂરનું પાણી ઓસરી ગયું, પરંતુ વોર્ડ નં.13ના રેલરાહત કોલોની અને રામજી ખત્રી વિસ્તારના 76 પૂરગ્રસ્ત પરિવારોની સરકારી સહાય અટવાયેલી રહી હતી. સહાય મેળવવા પાત્ર હોવા છતાં પ્રક્રિયાગત ત્રુટીઓના કારણે લાભાર્થીઓને રાહ જોવી પડી હતી. આખરે મામલો નગરસેવકો મારફતે જિલ્લા કલેક્ટર સુધી પહોંચ્યો અને ત્યારબાદ તંત્ર હરકતમાં આવ્યું છે. વોર્ડ નં.13ના નગરસેવક વિજયભાઈ રાઠોડ અને ભાવિનભાઈ દેસાઈએ જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરી હતી કે પૂરગ્રસ્ત પરિવારોને મળવાપાત્ર સહાયમાં વધુ વિલંબ ન થાય અને જરૂરી કાર્યવાહી કરી તાત્કાલિક ચુકવણી કરવામાં આવે. રજૂઆત બાદ નવસારી શહેર મામલતદાર કચેરી દ્વારા લાભાર્થીઓની વિગતોની ફરી ચકાસણી હાથ ધરવામાં આવી હતી. બેંક ખાતા, IFSC સહિતની વિગતોમાં રહેલી ત્રુટીઓ સહાયની ચુકવણીમાં અડચણ બની હોવાનું સામે આવ્યું હતું. હવે મામલતદાર કચેરી દ્વારા આ તમામ ત્રુટીઓ દૂર કરી દેવામાં આવી હોવાનું જણાવાયું છે. પરિણામે લાભાર્થીઓને મળવાપાત્ર સરકારી સહાય ચૂકવવાનો માર્ગ મોકળો થયો છે.

### અંબાડા પાસે હાઈવે પર હિટ એન્ડ રન, 1નું મોત

નવસારી: અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસ-વે નં. ૪ પર અંબાડા ગામની સીમમાં પાર્ક કરેલી અર્ટિકા કારને પાછળથી પૂરઝડપે આવેલા અજાણ્યા ટ્રકે જોરદાર ટક્કર મારતાં કારની પાછળ ઊભેલા મનિષભાઈ રાવલનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. સુરતના કૈલાશનગરમાં રહેતા અને મૂળ રાજસ્થાનના બિપીનકુમાર ઓટમલજી જૈન અર્ટિકા કાર નં. RJ-19-UA-8721માં મુસાફરી કરી રહ્યા હતા. મળસ્કે અંબાડા ગામની હદમાં કાર એક્સપ્રેસ-વેના બીજા ટ્રેક પર પાર્ક કરી ત્યારે અજાણ્યા ટ્રકના ચાલકે બેદરકારીપૂર્વક કારને ટક્કર મારી હતી. ટક્કર સમયે કારની પાછળ ઊભેલા મનિષભાઈ રાવલ ટ્રકની અડફેટે આવી ગયા હતા. ગંભીર ઈજા થતાં તેમનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માતમાં જૈનીબેનને મોં તથા માથાના ભાગે, નિમિશાબેન તથા બિપીનકુમારને ઈજાઓ પહોંચી હતી. અકસ્મત સર્જી અજાણ્યો ટ્રકચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે નવસારી રૂરલ પોલીસે અજાણ્યા ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


DGVCL

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
પાંડેસરા વિભાગીય કચેરી
બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ,
પાંડેસરા, સુરત-૩૯૫૦૨૩

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં તથા ફીડરો માં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ સ્ટેશન માં વીજપ્રવાહ બંધ રહેશે

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કેવી પાંડેસરા-બી | ૨૨ કેવી જય હનુમાન | પાંડેસરા | ૧૯૧૨૩ | ૧૪.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| 2 | ૬૬ કેવી ગોડાદરા ૨ | ૨૨ કેવી પર્વત | ગોડાદરા | ૧૯૧૨૩ | ૧૫.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૪:૩૦ |
| 3 | ૬૬ કેવી દેલાડવા | ૧૧ કેવી સાઈ | ડીંડોલી | ૧૯૧૨૩ | ૧૭.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૪:૩૦ |
| 4 | ૬૬ કેવી પાંડેસરા-બી | ૨૨ કેવી તિરુપતિ | પાંડેસરા | ૧૯૧૨૩ | ૧૮.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |

કાર્યપાલક ઈજનેર
દ.ગુ.કં.લી.પાંડેસરા વિભાગીય કચેરી

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

ગુજરાત રાજ્ય
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
દમણગંગા નહેર સંશોધન વિભાગ વલસાડ

જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૨૬-૨૭ ઓન-લાઇન ઇ-ટેન્ડર કાર્યપાલક ઇજનેર, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડ તરફથી જાહેર બાંધકામ વિભાગ હેઠળના "ઈ-૧" વર્ગ તથા તેની ઉપરની શ્રેણીમાં સીવીલ વર્ક માટે રજીસ્ટ્રેશન ધરાવતા ઇજારદારશ્રીઓ પાસેથી નીચે મુજબના વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના કામોને માટે સ્ટાન્ડર્ડ બીડ ડોક્યુમેન્ટમાં ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.
(૧) ઓપરેશન મેઇન્ટેનન્સ એન્ડ રીપેર્સ ઓફ ઓલ સિવિલ, ઇલેક્ટ્રીકલ, ઇલેક્ટ્રોનીક એન્ડ મેકેનિકલ વર્કસ વાલ્વસ, સિવિલ સ્ટ્રકચર્સ એન્ડ ઇન્ક્લુડીંગ પ્રોપર સ્પલાય ઓફ વોટર ટુ ઓલ આઉટલેટ્સ એટ એમ.ડી.સી.રીક્વાયર્ડ કર્મીંગ અન્ડર ચિંચાઇ લિફ્ટ ઇરીગેશન સ્કીમ તા.જી.વલસાડ વર્ષ-૨૦૨૬-૨૭ અંદાજિત કિંમત- રૂ.૪૩.૭૧ લાખ
(૨) ટેન્ડર ઓન લાઇન સબમીશન તા.૨૪/૦૯/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી કરી શકાશે.
(૩) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:- ૨૫/૦૯/૨૦૨૬ સમય-૧૨.૦૦ કલાક
(૪) ડીટેઇલ ટેન્ડર નોટીસમાં જણાવેલ ડોક્યુમેન્ટ ઓનલાઇન અને ફીઝીકલ સબમીશન કરવાનાં રહેશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ રજિ.પો.એ.ડી./સ્પીડપોસ્ટ મારફત તા.૦૧/૧૦/૨૦૨૬ સમયે ૧૮.૦૦ કલાક સુધીમાં સબમીશન કરવાના રહેશે. ડીટેઇલ ટેન્ડર નોટીસમાં જણાવેલ ડોક્યુમેન્ટ પૈકી કોઇ પણ ડોક્યુમેન્ટ રજુ કરેલ ન હશે તે એજન્સીનું ટેન્ડર માન્ય ગણવામાં આવશે નહી.
(૫) નામ અને સરનામું-
(૧) અધિક્ષક ઇજનેરશ્રીનું સરનામું
અધિક્ષક ઇજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ,
દમણગંગા ભવન, બીજો માળ, તા. જિ. વલસાડ
(૨) કા.ઇ.શ્રીનું સરનામુ:-
કાર્યપાલક ઇજનેરશ્રી, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડ.
દમણગંગા ભવન બીજો માળ, તા.જી.વલસાડ, ફોન નં.(૦૨૬૩૨) ૨૫૪૫૦૩
(૬) કામની વિગતવાર નોટીસ વેબસાઇટ https://tender.nprocure.com અને કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલ્બ્ધ રહેશે.
ન. માહિતી/વલસાડ/૩૮૫/૨૦૨૬

ઉમરગામ નગરપાલિકા
ટેન્ડર નોટીશ

ઉમરગામ નગરપાલિકા દ્વારા નીચેના કામો માટે ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો www.tender.nprocure.com તા. ૧૪-૦૯-૨૦૨૬ના રોજ થી તા.૨૨-૦૯-૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

| અ.નં. | કામનું નામ | (૧) અંદાજીત ખર્ચ (૨) ઈ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) ક્લાસ (૫) ગ્રાન્ટ નો હેડ |
|---|---|---|
| ૧ | (૧) વોર્ડ નં. ૩ માં કાકરીયામોરા મેઇન રોડ થી ESR ને જોડતા ડામર રોડ બનાવવાનું કામ, (૨) વોર્ડ નં.૩ માં ઉમરગામ નગરપાલિકા વિસ્તાર કાકરીયામોરા ઇન્ટરનલ ડામર રોડ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | ૨૦,૯૪,૧૦૬.૦૦<br>૨૧,૦૦૦.૦૦<br>૨,૪૦૦.૦૦<br>"ડી" ક્લાસ અને તેના ઉપરની શ્રેણી<br>૧૫% વિવેકાધીન જોગવાઈ-૨૦૨૬-૨૭ |
| ૨ | ઉમરગામ નગરપાલિકામાં રોડ રીસર્ફેસીંગના વાર્ષિક (ત્રીજો પ્રયત્ન) | ૬૦,૦૦,૦૦૦.૦૦<br>૫૦,૦૦૦.૦૦<br>૨,૪૦૦.૦૦<br>"ડી" ક્લાસ અને તેના ઉપરની શ્રેણી<br>રોડ-રીસર્ફેસીંગ ગ્રાન્ટ/ વાર્ષિક ભાવ |

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી. અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૨૮-૦૯-૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.પોસ્ટ એડી/કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા.૨૯-૦૯-૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.
નોંધ :- ઠેકેદારે પોતાનો ઈ.પી.એફ. નંબર ફરજીયાત લખવાનો રહેશે. જેની નકલ ડોક્યુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી. લાગું પડશે.

ગૌરવભાઈ સી. કોન્ટ્રાક્ટર, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા
ખુશ્બુબેન એસ. જાદવ, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા
એ.એચ. સિન્હા, ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા
ન. માહિતી/વલસાડ/૩૮૮/૨૦૨૬

નવસારી મહાનગરપાલિકા
E.Tender Notice No. 17 of 2026-2027
Azadi Ka Amrit Mahotsav

નવસારી મહાનગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામો માટે રસ ધરાવતા ઈજારદારશ્રીઓ તરફથી ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો વેબ સાઈટ https://tender.nprocure.com ઉપર તા. ૧૪.૦૯.૨૦૨૬ થી તા. ૨૪.૦૯.૨૦૨૬ સુધી ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તા. ૨૪.૦૯.૨૦૨૬ સુધી ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર માટેની ઈ.એમ.ડી., ટેન્ડર ફી તથા જરૂરી સાધનીક કાગળો તા. ૨૯.૦૯.૨૦૨૬ સુધીમાં મહાનગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ અથવા રજીસ્ટર એ.ડી.થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા મહાનગરપાલિકાની રહેશે.

| અ.નં | કામનું નામ | |
|---|---|---|
| ૧ | નવસારી મહાનગરપાલિકાના વિસ્તારમાં બસ સંચાલન માટે સર્વિસ બિઝનેસ પ્લાન, ઈન્ટિગ્રેટેડ પાર્કિંગ પ્લાન અને સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસી સહિત Comprehensive Mobility Plan (CMP) તૈયાર કરવાની કામગીરી | ૧) ટેન્ડર ફી - રૂ. ૧૫૦૦/-<br>૨) ઈ.એમ.ડી. - રૂ. ૧,૦૦,૦૦૦/- |

---/SD/---
કમિશનર
નવસારી મહાનગરપાલિકા

માહિતી/નવસારી/303 /૨૦૨૬